# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-08-2024** **Morning : 7.45 to 7.55**

**Day : Wednesday** **National News**

## આકાશવાણી સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

*************************************************************************

સૌ પ્રથમ મુખ્ય સમાચાર

- ✓ વિદેશ મંત્રી ડોક્ટર એસ. જયશંકર અને ચિલીના વિદેશી મંત્રી આજે નવી દિલ્હીમાં બીજી ભારત-ચીલી જોઇન્ટ કમિશનની બેઠકની સહ-અધ્યક્ષતા કરશે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રશિયા-યુક્રેન યુધ્ધનાં શાંતિપૂર્ણ ઉકેલને ટેકો આપવાની ભારતની મક્કમ પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.
- ✓ ઓસ્ટ્રેલિયાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનાં પ્રવેશ પર નિયંત્રણ મૂક્યાઃ 2025માં માત્ર બે લાખ 70 હજાર વિદેશી વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપશે.
- ✓ BCCIના માનદ સચિવ જય શાહ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ ICCના સ્વતંત્ર અધ્યક્ષ તરીકે બિનહરીફ ચૂંટાયા.
- ✓ પેરાલિમ્પિક્સ ગેમ્સ 2024 આજે પેરિસમાં સત્તાવાર રીતે શરૂ થશે.
- ✓ 31 ઓગસ્ટ સુધી ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ સહિતનાં અનેક રાજ્યોમાં અતિ ભારે વરસાદની હવામાન વિભાગની આગાહી.

***************************************************

# CHILLE FM MEETING

વિદેશ મંત્રી ડોક્ટર એસ. જયશંકર અને ચિલીના વિદેશી મંત્રી આજે નવી દિલ્હીમાં બીજી ભારત-ચીલી જોઇન્ટ કમિશનની બેઠકની સહ-અધ્યક્ષતા કરશે. આ ઉપરાંત, શ્રી ક્લેવરેન આજે ચિલી-ઈન્ડિયા બિઝનેસ (એગ્રીકલ્ચર) સમિટમાં પણ ભાગ લેશે અને બાદમાં મુંબઈ જવા રવાના જશે. ચીલીના વિદેશ મંત્રી આલ્બર્ટો વાન ક્લેવરેન ગઈકાલે નવી દિલ્હી પહોંચ્યા છે.

લેટિન અમેરિકન ક્ષેત્રમાં ચિલી ભારતનું મુખ્ય ભાગીદાર છે. શ્રી ક્લેવરેનની આગામી મુલાકાત બંને પક્ષોને દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરવાની અને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરીને સહકાર માટે નવા માર્ગો શોધવાની તક પૂરી પાડશે.

..............................................................

# KOLKATA BANDH

કોલકતામાં તાજેતરમાં ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યાનાં વિરોધમાં પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસે આચરેલા અત્યાચારનાં વિરોધમાં ભારતીય જનતા પાર્ટીએ આજે 12 કલાકના પશ્ચિમ બંગાળ બંધનું એલાન કર્યું છે. દેખાવકારો મુખ્યમંત્રી મમતા બેનરજીનાં રાજીનામાની અને આરજી કર મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ ખાતે ડોક્ટર પર દુષ્કર્મ અને બળાત્કારમાં સંડોવાયેલા લોકોની ધરપકડની માંગણી કરી રહ્યા હતા.

ગઈ કાલે છાત્ર સમાજ દ્વારા નબન્ના અભિયાન દરમિયાન કોલકતામાં હિંસાના બનાવ બન્યા હતા. દરમિયાન, રાજ્ય સરકારે જણાવ્યું છે કે તે ભાજપના બંધનાં એલાનને ટેકો નહીં આપે અને રાજ્યમાં સ્થિતિ સામાન્ય બનાવવા તમામ પગલાં લેશે.

.................................................................

# PM MODI PUTIN TALK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુતિન સાથે ગઈકાલે ફોન પર વાત કરી હતી. તેમણે યુક્રેન પ્રવાસના અનુભવો વિશે વાત કરી, ઉપરાંત બંને દેશોના નેતાઓ વચ્ચે રશિયા -યુક્રેન યુદ્ધને લઈને પણ ચર્ચા થઈ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે નેતાઓએ બંને દેશો વચ્ચે રાજદ્વારી ભાગીદારીને મજબૂત કરવાના ઉપાયો અંગે પણ ચર્ચા કરી. પીએમ મોદીએ વાટાઘાટોથી સંઘર્ષનું સમાધાન મેળવી શકાય છે એ વાતનો પુનરોચ્ચાર કર્યો.

ઉલ્લેખનીય છે કે યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદોમીર ઝેલેન્સ્કીએ બીજા યુક્રેન શાંતિ શિખર સંમેલનની યજમાની કરવા માટે ભારતના નામનો પ્રસ્તાવ મૂક્યો છે.

.................................................................

# IIS MURUGAN

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગને જણાવ્યું છે કે, “ભારતીય માહિતી સેવા-આઇઆઇએસ અધિકારીઓ 'વિકસિત ભારત 2047'ના લક્ષ્યાંકને પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી  રહ્યા છે.”

ડૉ. મુરુગન મંગળવારે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ માસ કોમ્યુનિકેશન-IIMC ખાતે ભારતીય માહિતી સેવા જૂથ 'એ'ના વર્ષ 2020, 2021 અને 2022 બેચના4 તાલીમ સમાપન સમારોહને સંબોધિત કરી રહ્યા હતા. શ્રી મુરુગને જણાવ્યું કે, સરકાર અને લોકો વચ્ચેનું અંતર ઘટાડવામાં સારો સંદેશાવ્યવહાર મહત્વની ભૂમિકા ભજવે છે. આનાથી સરકારમાં લોકોનો વિશ્વાસ વધે છે અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં તેમની ભાગીદારી વધે છે.

તેમણે કહ્યું કે, ફેક ન્યૂઝના આ યુગમાં, લોકોને સાચી માહિતી આપવાની જવાબદારી ભારતીય માહિતી સેવાના અધિકારીઓની છે.

..............................................................................

# AUSTRALIA STUDENTS

ઓસ્ટ્રેલિયાએ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનાં પ્રવેશ પર નિયંત્રણ મૂક્યા છે. દેશના શિક્ષણ મંત્રાલયે કહ્યું કે, તે 2025માં માત્ર બે લાખ 70 હજાર વિદેશી વિદ્યાર્થીઓને જ સ્વીકારશે.

આ મર્યાદામાં ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમો, વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે. આ નિર્ણયથી ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જવાની આશા રાખતા ભારતીય વિદ્યાર્થીઓને અસર કરશે, ખાસ કરીને પંજાબના વિદ્યાર્થીઓ પર, જેઓ મોટી સંખ્યામાં ઓસ્ટ્રેલિયા ભણવા જાય છે.

ઓસ્ટ્રેલિયાના શિક્ષણ મંત્રી જેસન ક્લેરે જણાવ્યું હતું કે, સરકાર વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી કરવા માંગે છે કારણ કે વિદેશી સ્થળાંતરીઓને કારણે ઘરના ભાડામાં તીવ્ર વધારો થયો છે. તેમણે કહ્યું કે, ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીઓમાં હવે કોવિડ રોગચાળા પૂર્વેની સરખામણીમાં 10 ટકા વધુ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ છે અને ખાનગી વ્યાવસાયિક અને તાલીમ પ્રદાતાઓમાં લગભગ 50 ટકા વધુ છે.

.................................................................

# RAILWAY BOARD

ભારતીય રેલ્વે વ્યવસ્થાપન સેવા અધિકારી સતીશ કુમારને રેલ્વે બોર્ડના અધ્યક્ષ અને મુખ્યકાર્યકારી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. હાલમાં, તેઓ મેમ્બર (ટ્રેક્શન અને રોલિંગ સ્ટોક) તરીકે સેવા આપી રહ્યા છે. તેમનીનિમણૂક આગામી મહિનાની 1 તારીખે ચાર્જ સંભાળ્યાની તારીખથી તેમના નિવૃત્તિની તારીખ સુધી રહેશે.

.................................................................

# PARKINSON'S SENSOR

**ભારતીય તબીબી વૈજ્ઞાનિકોએ પાર્કિન્સન રોગના નિવારણ માટે દવાના પ્રમાણને નિર્ધારિત કરવા હેતુથી એક નવું સ્માર્ટ સેન્સર વિકસાવ્યું છે. તે સ્માર્ટફોન આધારિત ફ્લોરસેન્સ ટર્ન-ઓન સિસ્ટમ છે, જે સસ્તું અને વપરાશકર્તા માટે અનૂકળ છે.**

**ઇન્સ્ટિટ્યૂટ ઑફ એડવાન્સ્ડ સ્ટડીઝ ઇન સાયન્સ એન્ડ ટેક્નોલોજીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, આ સેન્સર શરીરમાં એલ-ડોપાનું પ્રમાણ સમજવામાં મદદરૂપ બનશે, જે દ્વારા રોગના અસરકારક નિયંત્રણ માટે જરૂરી માત્રા નક્કી કરવામાં મદદ મળશે. એલ-ડોપા એ એક રસાયણ છે જે માનવ શરીરમાં ડોપામાઇનમાં રૂપાંતરિત થાય છે અને પાર્કિન્સન વિરોધી દવા તરીકે કામ કરે છે.**

..................................................................

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

..................................................................

# JAY SHAH - ICC CHAIRMAN

BCCIના વર્તમાન માનદ સચિવ જય શાહને ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ- ICCના સ્વતંત્ર અધ્યક્ષ તરીકે બિનહરીફ ચૂંટવામાં આવ્યા છે. તેઓ અધ્યક્ષ પદ માટે એકમાત્ર નોમિની હતા. તેઓ આ વર્ષે 1લી ડિસેમ્બરે તેમનું પદ સંભાળશે. 35 વર્ષના જય શાહ આ હોદ્દો સંભાળનાર યુવા ચેરમેન છે.

20મી ઓગસ્ટનાં રોજ જાહેરાત કરવામાં આવી હતી કે, ICCના વર્તમાન અધ્યક્ષ ગ્રેગ બાર્ડી ત્રીજી મુદત નહીં માંગે અને નવેમ્બરમાં તેમની મુદત પૂર્ણ થયે રાજીનામું આપશે.

.................................................................

# KHARIF-CROPS

ચાલુ વર્ષે દેશમાં ખરીફ પાકની વાવણીમાં નોંધપાત્ર વધારો થયો છે. અત્યાર સુધી કુલ વાવેતર વિસ્તાર 1065 લાખ હેક્ટરને વટાવી ગયો છે, જે ગયા વર્ષે સમાન સમયગાળામાં 1044 લાખ હેક્ટર હતો.

ગઈ કાલે કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગે ખરીફ પાક હેઠળનાં વાવેતર વિસ્તારમાં થયેલી પ્રગતિ અંગેનો અહેવાલ પ્રસિદ્ધ કર્યો હતો. ડાંગરનો વાવેતર વિસ્તાર 394 લાખ હેક્ટર થયો છે, જે ગયા વર્ષે સમાન સમયગાળામાં 378 લાખ હેક્ટર હતો.

દાળનો વાવેતર વિસ્તાર 115 લાખ હેક્ટરથી વધીને 122 લાખ હેક્ટર થયો છે. જાડા ધાન્યનો વાવેતર વિસ્તાર 185.51 લાખ હેક્ટર અને તેલિબિયાંનું વાવેતર 188.37 લાખ હેક્ટર હતું.

..............................................................................

# PARALYMPIC GAMES

પેરાલિમ્પિક્સ ગેમ્સ 2024 આજે પેરિસમાં સત્તાવાર રીતે શરૂ થશે, અને 8 સપ્ટેમ્બર સુધી ચાલશે. ફ્રાન્સ પ્રથમ વખત સમર પેરાલિમ્પિક્સનું આયોજન કરી રહ્યું છે. તેએ અગાઉ 1992માં ટિગ્નેસ અને આલ્બર્ટવિલેમાં વિન્ટર પેરાલિમ્પિક્સનું આયોજન કર્યું હતું. આ આવૃત્તિમાં કુલ 84 ભારતીય પેરા એથ્લેટ ભાગ લેશે.

પેરાલિમ્પિક ઈતિહાસમાં ભારતની આ સૌથી મોટી ટુકડી છે. ભારત આ સ્પર્ધામાં 22માંથી 12 રમતોમાં ભાગ લેશે, જેમાં પેરા સાઇકલિંગ, પેરા જુડો અને પેરા રોઇંગમાં પ્રથમ વાર રમશે.

..............................................................................

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન દેશનાં પશ્ચિમ, મધ્ય અને તટીય ભાગોમાં અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આગામી પાંચ દિવસ દરમિયાન દેશનાં ઉત્તર પશ્ચિમી ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે.

અમારા પ્રતિનિધી જણાવે છે કે, સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં ભારે દબાણ પશ્ચિમ દિશામાં જઈ રહ્યું છે, જે આવતી કાલ સવાર સુધીમાં સૌરાષ્ટ્ર અને કચ્છના મેદાની અને દરિયાઇ વિસ્તારોમાં પ્રવેશીને પાકિસ્તાન તથા ઉત્તરપૂર્વીય અરબી સમુદ્રમાં પહોંચે તેવી સંભાવના છે. આને કારણે 31 ઓગસ્ટ સુધી ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ, રાજસ્થાન, તટીય કર્ણાટક, કેરળ, માહે, ઝારખંડ, કોંકણ અને ગોવા, ઓડિશા, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તેલંગાણા અને આંદામાન નિકોબારમાં અત્યંત ભારે વરસાદ પડશે.

....................................................................